આજે સરે છે તે કોણ છે...
સમય કે આપણે?

આપણે સરતાં હોઈએ તો
ક્યારેક એવું કેમ લાગે છે કે
આપણે હજી ત્યાંના ત્યાં જ છીએ?

જો સમય સરતો હોય તો
ક્યારેક એવું કેમ લાગે છે કે
એ બદલાયો જ નથી?

આપણે આગળ વધીએ ને તોય
સમય જાણે પાછળ રહી ગયો લાગે,
ને
સમય આગળ સરે ને
જાણે એણે આપણી આંગળી છોડાવી દીધી હોય
એવુંય અનુભવાય!
આપણે સરતાં હોઈએ તો
ક્યારેક લાગે કે આગળ ગયા...
ને ક્યોરક લાગે કે પાછળ ખસ્યા...

સમય આગળ જ જાય છે કે
એય આમ કોઈક વાર પાછળ ખસતો હોય છે?

આપણે અને સમય...
સમય અને આપણે...
સરે છે કોણ?

જાય છે એ કોણ છે? ને
આવે છે એ કોણ છે?
જે જાય છે તે જ આવે છે?
જે આવે છે તે જ જાય છે?
કઈ રીતે ઓળખવું એને?

આપણે જતાં હોઈએ
ને સમય રહેતો હોય
એમ બને?

સમય આગળ જતો હોય
ને આપણે રહેતાં હોઈએ
એમ બને?

કેવાં લાગતાં હોઈશું,
આપણા વગરનો સમય,
ને સમય વગરના આપણે...?

મને જડે છે એક જવાબ...
જતો તો હશે સમય જ,
ને આપણે રહેતાં હોઈશું ત્યાંના ત્યાં...

કારણ કે
આપણા અસ્તિત્વ (અને વ્યક્તિત્વ પર પણ...)
જતા સમયનાં પગલાં વરતાય છે...

એ તો કોઈક જ હોય
જેની હયાતીના હસ્તાક્ષર વંચાય
સરી જતા સમય ઉપર પણ. ■

સમય મોટો જાદુગર છે.
એ દેખીતું સ્પર્શ્યા વગર પણ સ્પર્શે છે
ને એના સ્પર્શની અસર સ્પષ્ટ દેખાય છે.
એ ક્યારે સ્પર્શ્યો એની ખબર નથી પડતી
કારણ કે
આ ફેરફાર સર્જતો સ્પર્શ ક્યારે થયો એ
STOP WATCHથી નોંધી શકાતો નથી.

કદાચ,
આપણે સતત સમયના હાથમાં જ હોઈએ છીએ
માત્ર સૂક્ષ્મ ફેરફાર નોંધપાત્ર બને ત્યારે જ

આપણું એ તરફ ધ્યાન જાય છે.

સમય તો એ તરફ ધ્યાન આપતો જ નથી
અને આપવા દેતોય નથી.
એ તો બસ આપણને રમાડ્યે રાખે છે એની હથેલીમાં.

એ જ્યારે હથેલીમાંથી હેઠા મૂકે છે ત્યારે
આપણે અટકીએ છીએ
પણ એ તો આગળ જ ચાલતો રહે છે.

સમયનો આ સ્પર્શ દર્શાવતો
સૌથી મોટો ઇસ્કોતરો છે ફોટો આલ્બમ.
બાળપણની નિર્દોષતા
કિશોરવયની મુગ્ધતા
યૌવનની ઉતાવળી સાહસિકતા

આ સઘળાં ધીમે ધીમે જીવનમાંથી ચાલ્યા જાય છે
ને એ તસ્વીરમાં પણ વરતાય છે.
તે ક્યાં જતાં હશે?

કોણ લઈ જતું હશે આ અસબાબ?

કોઈ કહે છે કે સમય નામનો ચોર જ જવાબદાર છે એ માટે.

આપણે બેધ્યાન હોઈએ છીએ કે બેપરવા?

કે સમયની વ્યવસ્થામાં આ અવસ્થાફેર એ સહજ છે?

સમયને કોઈ ફેર પડતો નથી એથી
ને આપણને પણ...

કારણ કે
આપણે મોટા થવાની ઉતાવળમાં હોઈએ છીએ
ને સમયના નકશીકામ તરફ ધ્યાન જ નથી જતું.

આપણી અરીસા સામેની રોજની હાજરી

આપણને એ દેખાવના હેવાયા બનાવે છે.
એ તો કોઈ ધ્યાન દોરે કે,
“કેમ આમ સાવ આવા…?”
એ સવાલ સાથે સમયનો સ્પર્શ વરતાય છે.

પરંતુ દરેક વખતે
આ નકશીકામ ખરાબ જ હોય છે
એવુંય નથી હોતું.

ક્યારેક ઓળખીતાનું અવલોકન એવુંય હોય છે કે
“જામો છો હોં!”

કેટલાક વય વધતાં પ્રભાવક લાગે છે.
મનનું સૌંદર્ય તનના સૌંદર્યનો ખાલીપો પૂરે છે.
ક્યાંક અનુભવની પાકટતા સૌંદર્ય બને છે.

યાદ રહે, સમય ચોર નથી
સમય જ માલિક છે.

એનું આપેલું છે
એ પાછું લે છે
વળી કોઈ અન્યને આપવા.
એટલે જ સમય સાથે લડવા કે
ક્ષમા કરવા કરતાંય ઉત્તમ છે
સમયને THANK YOU કહેવું.

વયના વસ્ત્ર પર સમયનું કામ વરતાય ત્યારે
એનો સહજ સ્વીકાર કરવો.
નૈરાશ્ય અસુંદર બનાવશે.
અનુભવ આત્મવિશ્વાસ આપશે,
આત્મવિશ્વાસ ઔદાર્ય આપશે,
ને ઉદાર અભિગમ જ આ વયનું સૌંદર્ય છે. ■

સમય...
એમ તો એનો એ જ.
પણ તોય જુદાં એનાં
રંગ રૂપ સ્વાદ સુગંધ ને સ્પર્શ પણ.
સમય પૂછીએ ત્યારે મનનો જવાબ સાચો.
ઘડિયાળ સારી હોય પણ સમય નહીં...
ઘડિયાળ સારી ન હોય પણ
સમય સરસ ચાલતો હોય...

આ ઘડિયાળના કહ્યામાં કેટલું રહ્યો!
આળસ કરું તો એ કાંટા ભોંકીને દોડાવે..
દોડતા રાખે.
આમ તો હું જ એનાથી બંધાયેલો.
હું એને બાંધું એ તો...
દિલ કે બહેલાને કો ખયાલ અચ્છા હૈ.

નોકરી પણ આકાશવાણીની..
નજર સતત ઘડિયાળ તરફ.